University of Baroda

# SUMMARY

PITh
11962

# 'ગુજરાતી સાહિત્યમાં રેખાચિત્રની ગતિવિધિ : એક અભ્યાસ'

# 'Sketches in Gujarati Literature : A Study'

## SUMMARY

પ્રસ્તુતકર્તા
પન્ના બિપિનચંદ્ર ત્રિવેદી

S. N. Pandya 02/02/2009
: માર્ગદર્શક :
ડૉ.સુધા નિરંજન પંડ્યા
પૂર્વઅધ્યક્ષ, ગુજરાતી વિભાગ,
મ.સ. યુનિવર્સિટી ઑફ બરોડા
વડોદરા.

## પ્રકરણ : ૧ સ્વરૂપચર્ચા

### ૧.૧. ભૂમિકા

રેખાચિત્ર એટલે વ્યક્તિચિત્ર એવી એક સાદી સમજ સુધારકયુગથી આજદિન સુધી પ્રવર્તમાન છે. રેખાચિત્ર શબ્દ કર્ણપટલ પર પડતાની સાથે જ એમાં સાધારણ કે અસાધારણ પાત્રનું આલેખન હશે એમ વાચક માની લે છે. ગુજરાતી ગદ્યના આરંભકાળથી એટલે કે સુધારકયુગથી આ સ્વરૂપનું આછું-પાતળું ખેડાણ થતું રહ્યું છે. ગુજરાતી સાહિત્યકયુગોમાં આ સ્વરૂપની તાસીર કેવાં પરિવર્તનો પામી છે અને એના સ્વરૂપમાં કેવા પરિમાણો ઉમેરાતા ગયા છે.. એ સઘળું મારો અભ્યાસનો વિષય બન્યું છે.

વ્યક્તિની જિંદગી સમતલ હોતી નથી. સુખ, દુઃખ, ઘૃણા, પ્રેમ જેવા ભાવો ઉત્પન્ન કરતી ઘટનાઓ અવિરત બનતી રહે છે. એક સામાન્ય માણસ પણ આવી પરિસ્થિતિઓ વચ્ચે અસાધારણતા દાખવનાર વ્યક્તિ તરફ વિશેષ આકર્ષાતો હોય તો પછી સાહિત્યકારનું સંવેદનશીલ હૃદય પણ ખેંચાણ અનુભવવાનું. એટલે જ સહજતાથી આત્મસાત્ થયેલું સંવેદન એના કલમના બળે પ્રગટે છે. સર્જકના મનોવિશ્વમાં પ્રવેશ પામતા સારા-નરસા માણસો ઘેરી કે આછેરી રેખાઓ વડે અંકિત થતા રહે છે અને સર્જક એનો પડઘો ઝીલતો હોય છે. આ વાત ભૂમિકારૂપે આલેખી છે.

### ૧.૨ રેખાચિત્ર : વ્યાખ્યા, વિભાવના અને લાક્ષણિકતા

રેખાચિત્ર ચરિત્રસાહિત્ય સ્વરૂપ સાથે ઘનિષ્ઠતા દર્શાવતું સ્વરૂપ છે. ચરિત્રસાહિત્યના ઉદ્‌ભવનો અભ્યાસ કરતાં અંગ્રેજી સાહિત્યમાં ઓવરબરી જેવા વિદ્વાનોએ ‘sketch’ સંજ્ઞા વિશે કરેલા અર્થો, ડૉ.ભગીરથ મિશ્ર, શિવદાન ચૌહાણ, ગોપાલકૃષ્ણ કૌલ, મહાદેવી વર્મા જેવા હિન્દી સાહિત્યકારોએ રેખાચિત્રની કરેલી વ્યાખ્યાઓ, મરાઠી સાહિત્યમાં સ્વભાવચિત્રની પ્રાપ્ત થતી વિભાવના અને સાથે સાથે મણિલાલ હ. પટેલ, મનસુખ સલ્લા, રા.વિ.પાઠક જેવા સર્જકોએ ગુજરાતી સાહિત્યમાં આ સ્વરૂપ પરત્વે જે કંઈ વ્યાખ્યાઓ આપી તે નોંધીને મેં આ સ્વરૂપ પરત્વે થોડી વધુ સ્પષ્ટતા કરવાનું ઉચિત માન્યું છે.

સર્જક એની આગવી પ્રતિભાનો ઉપયોગ કરી ચિત્રાત્મક શૈલીથી જે-તે વ્યક્તિના નોંધપાત્ર લક્ષણોને શબ્દોમાં કંડારે છે. અન્ય ભારતીય ભાષાઓમાં તેમજ ગુજરાતી ભાષામાં વ્યક્તિચિત્રો સિવાય થોડાંઘણાં માનવેતર સૃષ્ટિનાં રેખાચિત્ર પણ શબ્દદેહ પામેલા જોવા મળ્યાં છે. આ સર્વને અભ્યાસીને તટસ્થતા, લાઘવ, સર્જકની અંગત અનુભૂતિ, શૈલી વગેરે જેવી લાક્ષણિકતાઓની અહીં વિગતે ચર્ચા કરી છે.

SMT. HANSA MEHTA ... UNIVERSITY

## ૧.૩ રેખાચિત્ર અને અન્ય ગદ્ય સ્વરૂપો

અન્ય ગદ્ય સ્વરૂપો સાથે રેખાચિત્રનો પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ હોય એ સ્વાભાવિક છે. પશ્ચિમી સાહિત્ય તરફથી પ્રાપ્ત થયેલાં ઘણાં સ્વરૂપો પૈકી રેખાચિત્ર પણ એક સ્વરૂપ છે. આમ તો મધ્યકાલીન ગુજરાતી પદ્ય ચરિત્રલેખન પ્રાપ્ત થાય છે પણ જે સ્વરૂપને આજે રેખાચિત્ર તરીકે ઓળખીએ છીએ તેનો આરંભ ઘણો મોડો થયેલો જોઈ શકાય છે. જીવનચરિત્ર, આત્મચરિત્ર, સંસ્મરણ, ટૂંકીવાર્તા તેમજ નિબંધના સ્વરૂપ લક્ષણો તપાસી રેખાચિત્રની આગવી મુદ્રા અંકિત કરી છે.

રેખાચિત્રનું સ્વરૂપ જીવનચરિત્રના સ્વરૂપ કરતાં વિષયની દૃષ્ટિએ વધુ મોકળાશ ધરાવતું સ્વરૂપ છે. જીવનચરિત્રની જેમ રેખાચિત્રમાં ઘટનાઓને ક્રમબદ્ધ રજૂ કરવાની હોતી નથી. આત્મકથા સંપૂર્ણપણે 'હું'ની લીલા હોય છે. વળી, એમાં સર્જક જ નાયક હોય છે જ્યારે રેખાચિત્ર પરલક્ષી સાહિત્ય સ્વરૂપ છે. આત્મકથાનું સ્વરૂપ વર્ણનપ્રધાન વિશેષ રહે છે. જ્યારે રેખાચિત્રનું સ્વરૂપ ચિત્રણપ્રધાન વિશેષ રહે છે. સંસ્મરણ એ રેખાચિત્રની જનની હોવા છતાં શૈલીની દૃષ્ટિએ બંનેમાં ભેદ રહે છે. સંસ્મરણ જેવા આત્મનિષ્ઠ સ્વરૂપ કરતાં પણ રેખાચિત્ર સ્વરૂપ તટસ્થતા અને યથાર્થતાની દૃષ્ટિએ ભિન્ન પડે છે. આમ તો રેખાચિત્રની તુલનાએ વાર્તા વધુ રોચક અને રસપ્રદ સ્વરૂપ છે. એ રીતે વૈયક્તિકતા તથા શૈલીની દૃષ્ટિએ રેખાચિત્રનું સ્વરૂપ ટૂંકીવાર્તાથી અલગ પડે છે. નિબંધમાં વિચારોની અભિવ્યક્તિનું સાતત્ય સર્જકે રાખવાનું હોય છે. જ્યારે પાત્ર સાથેની ભાવાત્મકતા એ રેખાચિત્રકારની અનુભૂતિનો વિષય છે. આમ, આવા સર્વ ગદ્ય સ્વરૂપોથી રેખાચિત્રનું સ્વરૂપ કઈ રીતે ભિન્ન છે એ તપાસવાનો મારો ઉપક્રમ છે.

## ૧.૪ અન્ય ભાષાઓમાં રેખાચિત્ર સ્વરૂપની ગતિવિધિ

ગુજરાતી ભાષા સિવાયની કેટલીક ભારતીય ભાષાઓમાં આ સ્વરૂપ પરત્વે કયા સર્જકોએ મહત્ત્વનું પ્રદાન નોંધાવ્યું છે અને એની શું વિશેષતાઓ શું છે તેનો અભ્યાસ કરવાનું મને ઉચિત લાગ્યું છે. 'Eminent Victorians' દ્વારા લિટન સ્ટ્રેચી ચરિત્ર સાહિત્યમાં અવનવો ચીલો ચાતરતા દેખાય છે. હિન્દી સાહિત્યમાં રેખાચિત્ર સ્વરૂપનો વિકાસકાળ છાયાવાદોત્તર યુગ જ કહી શકાય. મહાદેવી વર્મા, વિનય મોહન શર્મા, રામવૃક્ષ બેનીપરી વગેરે સર્જકોએ રેખાચિત્ર સ્વરૂપમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. ડૉ.પ્રકાશચંદ્ર ગુપ્ત અગ્રણી રેખાચિત્રકાર ગણાયા છે. એમણે વ્યક્તિઓ સિવાય લેટર બૉક્સ, ખંડેર, પેટ્રોલ પંપ જેવા વિષય પરત્વે રેખાચિત્રો આપી આ સ્વરૂપને વિકસિત કરવામાં ખૂબ મોટો ફાળો આપ્યો છે.

મરાઠી સાહિત્યમાં રેખાચિત્ર સ્વરૂપના બીજ લગભગ ચોથા દાયકામાં લક્ષ્મીબાઈ તિલકના સ્મૃતિચિત્રોમાંથી પ્રાપ્ત થાય છે. આ ભાષાના સાહિત્યમાં પુ.લ. દેશપાંડે, શ્રીપદ મહાદેવ માટે, પ્રહલાદ કેશવ અત્રે, વ્યંકટેશ દિગમ્બર માંડગૂલકરે રેખાચિત્ર સ્વરૂપમાં સારું એવું યોગદાન કર્યું છે. હિન્દી સાહિત્યની જેમ જ મરાઠીમાં રેખાચિત્રોનો સમાવેશ આરંભે વાર્તા કે લઘુકથાની શાખામાં થતો જોઈ શકાય છે. વળી, એ પણ નોંધવું ઉચિત લાગે છે કે મરાઠી સાહિત્યમાં રેખાચિત્ર જેવી કોઈ સંજ્ઞા ઉપલબ્ધ નથી. ત્યાં એની ઓળખ 'સ્વભાવચિત્ર' શબ્દથી આપવામાં આવી છે. સમયની દૃષ્ટિએ અન્ય ભારતીય ભાષાઓ કરતાં બંગાળીમાં આ સ્વરૂપ સંભવતઃ પહેલ કરતું લાગે છે. જ્યારે રાજસ્થાની સાહિત્યમાં રેખાચિત્રનું ખેડાણ ખૂબ પાછળથી થયેલું જોઈ શકાય છે.

## પ્રકરણ : ૨ સુધારકયુગ અને પંડિતયુગમાં પ્રાપ્ત થતાં રેખાચિત્રો

દ્વિતીય પ્રકરણમાં સુધારકયુગના તેમજ પંડિતયુગના સાહિત્યિક લક્ષણો નોંધીને આ યુગમાં પ્રાપ્ત થતાં રેખાચિત્રો સદષ્ટાંત ચર્ચા કરી છે. સુધારકયુગ તો ગદ્યના આરંભનો યુગ છે. આ યુગમાં પ્રવેશેલાં ગદ્યસ્વરૂપોમાં ક્યાંક 'રેખાચિત્ર' જેવી સંજ્ઞા સ્પષ્ટ રૂપે મળતી નથી. આમ છતાં નર્મદના 'નર્મગદ્ય'માં 'કવિચરિત્ર'માં રેખાચિત્ર સ્વરૂપના ઉદ્ભવ બીજ જોઈ શકાય છે. દયારામ વિશે આલેખાયેલી વિગતોમાં પણ લેખકનો મુખ્ય આશય કવિચરિત્રનું જ નિરૂપણ કરવાનો રહ્યો હોવા છતાં અનાયાસે આ સ્વરૂપનું વાવેતર થતું જોવા મળે છે.

પંડિતયુગમાં રેખાચિત્ર સંજ્ઞાનો ખ્યાલ એટલે પ્રસિદ્ધ વ્યક્તિઓના વ્યાપકજીવનના મહત્ત્વના પ્રસંગોના નિરૂપણ થકી વ્યક્તિના ગુણ-દોષ દર્શાવી એના વ્યક્તિત્વને ઉજાગર કરવું- એવો કંઈક ખ્યાલ બંધાયેલો જોવા મળે છે. ન્હાનાલાલ પાસેથી ઇ.સ.૧૯૨૧માં 'ચિત્રદર્શનો' જેવી કૃતિ મળે છે. જેમાં પદ્યની સાથે કેટલીક ગદ્ય રચનાઓમાં રેખાચિત્રાંશોને નિહાળી શકાય છે. લીલાવતી મુનશીએ તો 'રેખાચિત્ર' જેવી સ્પષ્ટ સંજ્ઞા હેઠળ વ્યક્તિના ગુણ-દોષની રેખાઓ આપી છે, પણ રેખાચિત્ર સ્વરૂપનો દૃઢ પાયો નરસિંહરાવ દિવેટિયાએ 'સ્મરણ મુકુર' રૂપે નાંખ્યો છે. આ બંને યુગોમાં પ્રાપ્ત થતાં રેખાચિત્રોની ચર્ચા આ પ્રકરણમાં કરી છે.

## પ્રકરણ : ૩ ગાંધીયુગ અને અનુગાંધીયુગમાં પ્રાપ્ત થતાં રેખાચિત્રો

ગાંધીચેતનાથી ભર્યાભર્યા આ યુગમાં રેખાચિત્ર સ્વરૂપ કેવા વળાંકો લે છે તે વિશેની તેમજ સ્વરૂપના વિષય પરત્વે આવેલી વિપુલતા તેમજ ગુણવત્તા વિશેની અહીં ચર્ચા કરી છે. ગાંધીયુગ-અનુગાંધીયુગના સર્જકોએ રચેલાં રેખાચિત્ર સ્વરૂપે દૃષ્ટિપાત કરતાં જોઈ શકાયું છે કે આ સ્વરૂપે સ્વતંત્ર સાહિત્ય સ્વરૂપ તરીકે દરજ્જો પ્રાપ્ત કરી લીધો છે. આ યુગમાં ઉમાશંકર જોશી જેવા રેખાચિત્રના સર્જક પાસેથી ભાવાંજલિઓ રૂપે કેટલાંક રેખાંકનો મળે છે, જયંતિ દલાલ દ્વારા 'શહેરની શેરી' રૂપે સ્થળચિત્રો પ્રાપ્ત થાય છે, રમણીક અરાલવાળા દ્વારા ઉત્સવચિત્રો કે વ્યક્તિચિત્રો પ્રાપ્ત થાય છે, ઈશ્વર પેટલીકર પાસેથી 'ગ્રામચિત્રો' રૂપે જાતિ ચિત્રો મળે છે, ઈસ્માઈલ નાગોરી પાસેથી આછાં પ્રાણીચિત્રો પણ મળે છે... આ સર્વમાં સ્વામી આનંદ જેવા સમર્થ રેખાચિત્રકાર અનુગામીઓ માટે સ્વરૂપકીય કેડી કંડારતા જાય છે. એટલું જ નહીં પણ કેવળ વ્યક્તિના ગુણોને દર્શાવતી જ રેખાઓ નહીં પણ દુર્ગુણોની ગાઢી રેખાઓ વ્યકત કરતાં રેખાંકનો પણ ઉપલબ્ધ થયા છે. આ યુગોમાં પ્રાપ્ત થતાં રેખાચિત્રોએ વિષય વૈવિધ્ય તથા પાત્ર વૈવિધ્યની દૃષ્ટિએ અને ગદ્યશૈલીની દૃષ્ટિએ આ સ્વરૂપને પ્રસ્થાપિત કરવામાં જે માતબર ફાળો નોંધાવ્યો છે એની મેં વિગતે ચર્ચા કરી છે.

## પ્રકરણ : ૪ આધુનિક અને અનુઆધુનિકયુગમાં પ્રાપ્ત થતાં રેખાચિત્રો

ચોથા પ્રકરણમાં આધુનિક તેમજ અનુઆધુનિકયુગમાં સાહિત્યનાં બદલાતાં જતાં પરિમાણો રેખાચિત્ર સ્વરૂપને કેવા આકારમાં નિરૂપે છે અને આ સાહિત્યિકયુગોમાં સ્વરૂપ પરત્વે થયેલી સભાન વિચારણા શૈલી પરત્વે તેમજ પાત્ર પસંદગી પરત્વે કેવાં વિવિધ રૂપો પ્રગટાવે છે તે વિગતે તપાસ્યું છે. બદલાતા સમય સંદર્ભે માનવજીવનનો ચહેરો પણ બદલી નાંખ્યો છે. એ સાથે શોષણના રૂપો પણ બદલાયાં છે. શિક્ષણ, સમાજ,

રાજકારણ, ધર્મ કે સંસ્કૃતિમાં આવતાં જતાં સારા-નરસાં પરિવર્તનોથી આજના માનવની સમસ્યાઓનું રૂપ પણ પરિવર્તિત થયું છે. તેથી રેખાચિત્રોના પાત્રો પોતાના આગવાં જીવનમૂલ્યો સાથે પ્રવેશતા જણાય છે. આ યુગમાં પણ પ્રેરણાદાયી વિભૂતિઓની સમાંતરે જીવન તેમજ અસ્તિત્વની મથામણ વચ્ચે મૂલ્યોને ટકાવી રાખનારા સાધારણ માનવમાં રહેલા અસાધારણ ગુણો નિરૂપાયા છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, જોસેફ મેકવાન, મણિલાલ હ. પટેલ, ભગીરથ બ્રહ્મભટ્ટ, ચંદ્રકાંત શેઠ, રમેશ ર. દવે વગેરે સર્જકોએ આપેલાં રેખાચિત્રો આ સંદર્ભે નોંધી શકાય. અહીં અભ્યાસ દરમ્યાન એ પણ જોઈ શકાયું કે પાત્રો પોતાની બોલી સાથે પ્રવેશે છે ત્યારે વાચનખંડમાં અલાયદો પરિવેશ ઊઘડતો જોઈ શકાય છે. આ ઉપરાંત વિનોદ ભટ્ટ દ્વારા 'વિનોદની નજરે' રૂપે હાસ્યશૈલી દ્વારા નિરૂપાયેલાં ચિત્રો કે રઘુવીર ચૌધરી દ્વારા 'સહરાની ભવ્યતા' રૂપે દોરાયેલાં સાહિત્યકારોઓ વિશિષ્ટ રેખાંકનો નોંધપાત્ર ગણી શકાય. આ યુગમાં વિપુલતાનું પ્રમાણ ચોક્કસ જોવા મળ્યું છતાં ગાંધી-અનુગાંધીયુગનાં રેખાંકનોમાં જોવા મળતી સ્વરૂપકીય દૃઢતા થોડીક ઓછી પ્રાપ્ત થાય છે. જોકે જોસેફ મેકવાન કે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની કેટલીક કૃતિઓને આમાં અપવાદરૂપ ગણાવી પડે. આ સર્વની મેં વિગતે તપાસ કરી છે.

HANSA MEHTA LIBRARY

## પ્રકરણ : ૫ ઉપસંહાર

ઉપસંહારના પાંચમા પ્રકરણમાં રેખાચિત્રોના મારાં અભ્યાસને આધારે સંક્ષેપમાં સ્વરૂપ, વિભાવના, લાક્ષણિકતા અને વિવિધતાના વિશેષો તો નોખા તારવ્યા છે એ સાથે રેખાચિત્ર સ્વરૂપ વિશે કેટલીક મહત્ત્વની બાબતો નોંધીને અભ્યાસ અંતે મારા મૌલિક તારણો અને અભિપ્રાયો આપવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

અંતે

પરિશિષ્ટ-૧ માં રેખાચિત્રના સંગ્રહો

પરિશિષ્ટ-૨ માં સંદર્ભગ્રંથો

પરિશિષ્ટ-૩ માં સંદર્ભ સામયિકો

પરિશિષ્ટ-૪ માં અન્ય ભાષાના સંદર્ભગ્રંથોની સૂચિ આપી મહાશોધનિબંધ પૂર્ણ કર્યો છે.

રજૂ કરનાર

(પન્ના બિપિનચંદ્ર ત્રિવેદી)